# મિડલ ઈસ્ટમાં ચાલતા યુદ્ધમાં સુરતી સહિત હજારો ગુજરાતીઓ ફસાયા!

**સુરતના** સાંસદ મુકેશભાઈ દલાલની ત્વરિત રજૂઆત પર વિદેશ મંત્રાલયનો સકારાત્મક જવાબ

**કોન્સ્ટિટ્યુલેટ** જનરલ ઓફ દુબઈ તરફથી જણાવવામાં આવ્યું છે કે: “ઓફિસ તમામ ભારતીયોનો સંપર્ક કરશે અને તેઓને શક્ય હોય તેટલી તમામ મદદ પહોંચાડશે

સુરત: મિડલ ઈસ્ટમાં ચાલી રહેલી યુદ્ધને કારણે આ વિસ્તારમાં ફસાયેલા લોકોની સલામતીને લઈને તેમના સ્વજનો અને પરિવારજનો ચિંતામાં છે.ત્યારે સાંસદ મુકેશ દલાલે વિદેશ મંત્રી એસ.જયશંકરને ઈમેલ કરી રજૂઆત કરી છે.

સુરતના સાંસદ મુકેશભાઈ દલાલને જુદા જુદા વિસ્તારના ગુજરાતીઓ તેમજ સુરતીઓના અનેક ફોન અને રજૂઆતો મળી હતી. તેમણે ત્વરિત વિદેશ મંત્રાલયનો સંપર્ક કરીને મૌખિક રજૂઆત કરી હતી. એ પછી વિદેશ મંત્રી એસ. જયશંકરને તમામ વિગતો સાથે લેખિત ઈમેલ દ્વારા અપીલ મોકલી હતી. સાંસદે જણાવ્યું હતું કે લીસ્ટમાં જણાવ્યા મુજબના ગુજરાત અને સુરતના લોકો દુબઈ તેમજ જ્યોર્જિયામાં યુદ્ધને કારણે ફસાઈ ગયા છે. તેઓ પોતાની સલામતી માટે ચિંતિત છે અને તેમના સ્વજનો તેમને ઝડપથી સલામત રીતે ભારત પાછા લાવવા માટે મદદની માંગ કરી રહ્યા છે.

## વિદેશ મંત્રાલયનો સકારાત્મક પ્રતિસાદ

સાંસદની અપીલના જવાબમાં વિદેશ મંત્રાલય તરફથી ઈમેલ મારફતે જવાબ મળ્યો છે. આ જવાબ કોન્સ્ટિટ્યુલેટ જનરલ ઓફ દુબઈ તરફ જણાવવામાં આવ્યું છે કે: “ઓફિસ તમામ ભારતીયોનો સંપર્ક કરશે અને તેઓને શક્ય હોય તેટલી તમામ મદદ પહોંચાડશે. ત્યાંના વિવિધ સંગઠનો અને કોમ્યુનિટી સંગઠનો સાથે પણ સતત સંપર્કમાં છે. તમામને સલામત રીતે અને ત્વરિતતાથી ભારત પાછા લાવવા માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવશે. આ મામલે વધુ અપડેટ માટે સુરતીઓ અને ગુજરાતીઓને ટોલ ફ્રી નંબર: 80046342, વોટ્સએપ નંબર: +971 54 309 0571 નંબરો પર તુરંત સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી છે. તથા વેબસાઈટ:www.cgidubai.gov.in પર વિગતો મોકલવા જણાવાયું છે.

## ફ્લાઈટના ચાર ગણા ભાડા ચૂકવી સુરતીઓ દુબઈથી પરત આવ્યા

**એર** ટિકિટના ભાવમાં ચાર ગણો ઉછાળો, મિસાઈલ-ડ્રોન હુમલાનાં દૃશ્યો જોયાનો પણ દાવો કર્યો

સુરત: મિડલઈસ્ટમાં યુદ્ધને પગલે દુબઈ ફરવા ગયેલા કેટલાક સુરતીઓ મુશ્કેલીમાં મુકાયા હતા અને કેટલાક ફ્લાઈટના ચારગણા ભાડા ચૂકવીને પરત આવ્યા હતા.

સુરતના રાંદેર વિસ્તારમાં રહેતા સામાજિક આગેવાન કમલેશ સેલર ગત 26 ફેબ્રુઆરીએ સુરત અને તાપી જિલ્લાના 13 સાથી સાથે દુબઈ પ્રવાસે ગયા હતા. 28 ફેબ્રુઆરીએ યુદ્ધ જેવી સ્થિતિ સર્જાતા તેઓ અચાનક ગભરાઈ ગયા હતા. કમલેશભાઈએ જણાવ્યું કે તે દિવસ તેઓ દુબઈ સ્થિત બાપ્સ હિન્દુ મંદિર અબુધાબી તથા નજીક આવેલી મસ્જિદ ખાતે દર્શન કરી રહ્યા હતા ત્યારે મિસાઈલ અને ડ્રોન હુમલાની ખબર મળી. ’અમે આકાશમાં મિસાઈલનો અવાજ અને ડ્રોન જોયા, જેને સ્થાનિક સત્તાધીશો દ્વારા ઇન્ટરસેપ્ટ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ હવાઈ સેવા બંધ થઈ ગઈ હોવાની જાણ થતાં અમે હોટલ પરત ફર્યા હતાં’ તેવુ તેમણે જણાવ્યું હતું. મંગળવારે હવાઈ સેવા શરૂ થતાં પહેલી જ ફ્લાઈટમાં તેઓ મુંબઈ આવ્યા અને ત્યાંથી સુરત પરત ફર્યા હતાં.

### પ્રારંભિક ગભરાટ બાદ પરિસ્થિતિ સ્થિર બની: કમલેશ સેલર

દુબઈમાંથી પરત ફરેલા સુરતના કમલેશ સેલરે જણાવ્યું કે, પ્રારંભિક ગભરાટ બાદ પરિસ્થિતિ સ્થિર બની છે. અમે ત્યાં હતા ત્યારે સાવચેતીરૂપે થોડો સમય હોટેલમાં જ રોકાયા હતા, પરંતુ જરૂરી સેવાઓ બંધ નહોતી. સ્થાનિક પ્રશાસન સંપૂર્ણ રીતે સક્રિય છે અને પ્રવાસીઓની સુરક્ષા માટે જરૂરી પગલાં લઈ રહ્યું છે.

## પરિસ્થિતિ સ્થિર, છતાં એલર્ટની સૂચના યથાવત્

**એરપોર્ટ** વિસ્તારમાં રહેતા સુરતના સલમાનભાઈનો અનુભવ

સુરત: મધ્ય પૂર્વમાં વધતી તંગદિલી વચ્ચે દુબઈમાં વસવાટ કરતા સુરતના સલમાનભાઈએ હાલની પરિસ્થિતિ અંગે મહત્ત્વપૂર્ણ માહિતી આપી છે. છેલ્લાં ઘણાં વર્ષોથી દુબઈમાં રહેતા અને તાજેતરના ડ્રોન-મિસાઈલ હુમલાનાં દૃશ્યો જોનાર સલમાનભાઈએ જણાવ્યું કે, હાલમાં સ્થિતિ સ્થિર છે, પરંતુ સાવચેતીરૂપે સરકાર સમયાંતરે એલર્ટ જાહેર કરે છે.

સલમાનભાઈ એરપોર્ટ વિસ્તાર પાસે રહે છે. તેમના જણાવ્યા મુજબ “અત્યાર સુધી પરિસ્થિતિ નિયંત્રણમાં છે. ટ્રાન્સપોર્ટેશન, હોસ્પિટલ અને અન્ય આવશ્યક સેવાઓ નિયમિત રીતે ચાલુ છે. લોકો રોજિંદા જીવનમાં સામાન્ય રીતે બહાર નીકળી શકે છે.” તેમણે ઉમેર્યું કે, જ્યારે પણ વિદેશી હુમલાની શંકા થાય છે ત્યારે દુબઈ સરકાર તરત જ મોબાઈલ પર એલર્ટ મોકલે છે અને નાગરિકોને જરૂરી માર્ગદર્શન આપે છે. “કેટલાક સમયે સુરક્ષા કારણોસર ઘરેથી બહાર ન નીકળવાની સલાહ આપવામાં આવે છે. લોકો સાવચેતી રાખી રહ્યા છે અને ઘણા લોકો કામ ઘરેથી કરી રહ્યા છે,” એમ તેમણે જણાવ્યું હતું. સલમાનભાઈના કહેવા મુજબ સ્થાનિક પ્રશાસન સંપૂર્ણ રીતે સજ્જ છે અને નાગરિકોની સુરક્ષા માટે સતત નજર રાખી રહ્યું છે.

# કેટરિંગના નામે સગીરાને બે લાખમાં વેચનાર ફજ્જો ઝડપાઈ

**પહેલાં** 50 હજારમાં લસકાણા બાદમાં સોલાપુરમાં બે લાખમાં વેચી હતી

**5 મહિના** બાદ પાનોલીથી ધરપકડ, આશરો આપનાર દિયર પણ કસ્ટડીમાં

સુરત: લિંબાયત વિસ્તારમાં રહેતી 14 વર્ષની સગીરાને કેટરિંગના કામની લાલચ આપી પહેલાં લસકાણા અને ત્યારબાદ મહારાષ્ટ્રના સોલાપુરમાં બે લાખ રૂપિયામાં વેચી દેવાના ચકચારી કેસમાં પોલીસે મુખ્ય સૂત્રધાર ફરજાના ઉર્ફે ‘ફજ્જો’ રફીક શાહને પાંચ મહિના બાદ પાનોલીથી ઝડપી પાડી છે. તેને આશરો આપનાર દિયર આરીફ યુનુશ શાહને પણ પોલીસે કસ્ટડીમાં લીધો છે.

સગીરાને તેની પડોશી નૂરી શેખ અને ફરજાનાએ “કેટરિંગનું કામ મળ્યું છે” કહી વિશ્વાસમાં લીધી હતી. ગત વર્ષે બંને મહિલાઓ સગીરાને લસકાણા લઈ ગઈ, જ્યાં કામ અપાવવાના બદલે તેનો સોદો કરવામાં આવ્યો હતો. સુરત આવી સગીરાએ પોતાની આપવીતી જણાવી ત્યારે 25 નવેમ્બરે પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ અને આ કેસમાં અગાઉ નૂરી શેખ અને તેના પતિ વસીમ શેખની ધરપકડ થઈ ચૂકી છે. ફરજાના ફરાર હતી, જેને હવે ઝડપી લેવામાં આવી છે.

લિંબાયત પોલીસ હવે તપાસ કરી રહી છે કે આ ટોળકીએ અન્ય કોઈ સગીરાઓ કે યુવતીઓને પણ આ રીતે શિકાર બનાવી વેચાણ કર્યું છે કે નહીં.

# લોન ચૂકવ્યા વિના જ મિલકત વેચનાર સસરા-જમાઈ પકડાયા

**87 લાખનું** પેમેન્ટ લીધા બાદ પણ બેંકનું 46 લાખનું લેણું ન ભરતા ભાંડો ફૂટ્યો

સુરત: લોન ભરપાઈ કર્યા વગર જ દસ્તાવેજ કરી આપી રૂપિયા ૮૭.૧૧ લાખની છેતરપિંડી આચરનાર સસરા-જમાઈને વરાછા પોલીસે ઝડપી લીધા છે.

મળતી વિગતો મુજબ, ફરિયાદી લાખાભાઈ રૂડાભાઈ કાતરીયાએ આરોપી અભિષેક દિપકકુમાર આહીર પાસેથી કરંજ પરમ હાઉસ સોસાયટીનો બંગલો રાખવાનું નક્કી કર્યું હતું. આ સોદા વખતે અભિષેકે જણાવ્યું હતું કે મિલકત પર આશરે ૪૫ થી ૪૬ લાખની બેંક લોન બાકી છે, જે વેચાણ અવેજની રકમમાંથી તે ભરપાઈ કરી ટાઈટલ ક્લિયર કરી આપશે. છેતરપિંડીનો અહેસાસ થતાં લાખાભાઈએ એક મહિના પહેલાં વરાછા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી. તપાસમાં એલસીબી ઝોન એકની ટીમ પણ જોડાઈ હતી. આ દરામિયન તેમની ટીમે આજે બાતમી આધારે આરોપી ભવાનભાઈ સાદુળભાઈ ઝીંઝાળા (ઉં.વ.૬૫, નિવૃત્ત, રહે., દ્રષ્ટી રેસિડન્સી, દેવધ ગામ પાણીની ટાંકી પાસે, ગોડાદરા, મૂળ રાભડા, જિ.અમરેલી) અને અભિષેક દિપકભાઈ આહીર (ઉં.વ.૩૪, ધંધો બાંધકામ રહે., ટ્વીલાઈટ સ્ટાર એપાર્ટમેન્ટ, મિડાસ સ્કવેર પાસે, ગોડાદરા, મૂળ ભાડ્રોડ, જિ.ભાવનગર) ને પકડી પાડી વરાછા પોલીસને સોંપ્યા હતા.

મિડલ ઇસ્ટના દરિયાઇ માર્ગે કોલસો નહીં આવતો હોવા છતાં

# આયાતી કોલસાની કિંમત 25 ટકા વધતાં કાપડ મિલોની હાલત કફોડી

**છેલ્લા** 4 દિવસમાં કોલસાના ભાવ પર મેટ્રિક ટન ક્વોલિટી વાઇઝ 800થી 1200 રૂપિયા વધી ગયા

સુરત: અમેરિકા - ઇઝરાયલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હુમલાની આડમાં ઈન્ડસ્ટ્રીયલ કોલસાની કિંમતમાં તોતિંગ વધારો થયો છે. કોલસો ઈમ્પોર્ટ કરનારા ઈમ્પોર્ટરો દ્વારા ખોટી રીતે ટેક્સટાઈલ મિલોને સપ્લાય થતા કોલસાની કિંમતોમાં માત્ર 4 દિવસમાં 20થી 25 ટકા વધારી દેવાતા સુરતની ડાઈંગ પ્રોસેસિંગ મિલોની હાલત કફોડી થઈ છે.

સાઉથ ગુજરાત ટેક્સટાઈલ પ્રોસેસર્સ એસોસિએશન (SGTPA)ના પ્રમુખ જીતેન્દ્ર વખારીયાએ જણાવ્યું હતું કે, સુરતની ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીને સપ્લાય થતો ઔધોગિક કોલસો મિડલ ઈસ્ટની કોઈ ચેનલથી આવતો નથી. છતાં આશ્ચર્યજનક રીતે 2 દિવસમાં કોલસો લાવવા માટેના ટ્રાન્સપોર્ટેશન ચાર્જમાં મેટ્રિક ટને 8 ડોલર ભાવ વધ્યા છે. જ્યારે કોલસાની કિંમતમાં 20થી 25%નો વધારો કરવામાં આવ્યો છે. સુરત ટેક્સટાઈલ ક્લસ્ટરની મિલોના સંચાલકોએ અમને જોબચાર્જમાં વધારો કરવા રજૂઆત કરી છે. ધૂળેટી પર્વ પછી અમે કારોબારી બેઠકમાં ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય લઈશું. મિલ માલિકોની રજૂઆત છે કે, જે મિલો મીટર કાપડ પર 7 રૂપિયા જોબચાર્જ લે છે તેઓ મીટરે 50 પૈસા, 7થી 15 રૂપિયા જોબચાર્જવાળા મીટરે 75 પૈસા અને 15 રૂપિયાથી વધુ ચાર્જ લેનારા મીટરે 1 રૂપિયા જોબચાર્જ વધારવા માંગ કરી રહ્યા છે. યુદ્ધની સર્જાયેલી સ્થિતિમાં જો વધેલા નૂર ભાડા અને વધેલી કોલસાની કિંમત મુજબ ખરીદી કરવામાં આવે તો પ્રત્યેક મિલ પર માસિક 15થી 25 લાખ રૂપિયાનો ઉત્પાદન ખર્ચ વધશે. જો યુદ્ધ લાંબુ ચાલ્યું તો આ સ્થિતિ ક્યાં જઈને અટકશે? યુદ્ધની શક્યતાને લીધે 20 ફેબ્રુઆરીથી ફ્રેઈટના ભાવો વધી રહ્યા છે. એક મિલ રોજ 40થી 50 મેટ્રિક ટન કોલસાનો ઉપયોગ કરે છે. છેલ્લા 4 દિવસમાં કોલસાના ભાવ પર મેટ્રિક ટન ક્વોલિટી વાઈઝ 800થી 1200 રૂપિયા વધી ગયા છે.

## રંગાઇ જાને રંગમાં: કેસૂડાના ફૂલોનાં રસની જમાવટ



વેડ રોડ ડભોલી ચાર રસ્તા ખાતે આવેલા સ્વામિનારાયણ મંદિરમાં કેસુડાના ફુલોના રસથી હોળી રમવામાં આવી હતી. મંદિર પરિસરમાં કેસુડાના ફુલોના રસની પિચકારી નહીં પરંતુ ફુવારો ભક્તો પર કરવામાં આવ્યો હતો. ત્યારે હાજર ભક્તોએ મન મૂકીને હોળીના પર્વની ઉજવણી કરી હતી. (તસવીર: સતીષ જાદવ)

# ડોર-ટુ-ડોરના બેદરકાર ડ્રાઈવરોને હાંકી કઢાતા હોબાળો

**ઉમરવાડા** ટ્રાન્સફર સ્ટેશન પર એક કલાક સુધી હાઇવોલ્ટેજ ડ્રામા સર્જાયો

સુરત: શહેરના વિવિધ વિસ્તારોમાં કચરો ઉઘરાવવાની રુટીન કામગીરી ખોરવાઈ રહી હોવાની અને કચરા ટ્રાન્સફર સ્ટેશન પર વાહનોની લાંબી લાઈનો લાગતી હોવાની ફરિયાદો બાદ, તપાસમાં કેટલાક ડ્રાઈવરો અને કર્મચારીઓની કામચોરી સામે આવી હતી.

વારંવાર સૂચના આપવા છતાં કામગીરીમાં સુધારો ન કરનારા અને શિસ્તભંગ કરનારા ડ્રાઈવરોને કોન્ટ્રાક્ટર દ્વારા તાત્કાલિક અસરથી છૂટા કરી દેવામાં આવ્યા હતા અને તેમની જગ્યાએ નવા ડ્રાઈવરોની નિમણૂક કરી દેવામાં આવી હતી. આ શિસ્તલક્ષી પગલાંને કારણે કાઢી મુકાયેલા કર્મચારીઓમાં રોષ ફાટી નીકળ્યો હતો.

નોકરીમાંથી હાંકી કઢાયેલા ડ્રાઈવરોએ એકત્ર થઈને ઉમરવાડા ગાર્બેજ કલેક્શન સેન્ટર પર પહોંચી હોબાળો મચાવ્યો હતો, જેના કારણે વાતાવરણ અત્યંત તંગ બની ગયું હતું.

વિરોધ કરી રહેલા ડ્રાઈવરોએ કોન્ટ્રાક્ટર સામે ગંભીર આક્ષેપો કરતાં જણાવ્યું હતું કે તેમને પૂરતો પગાર આપવામાં આવ્યો નથી અને અન્યાયી રીતે છૂટા કરી દેવાયા છે. લગભગ એક કલાક સુધી ચાલેલા આ હંગામાને કારણે ગાર્બેજ કલેક્શનની કામગીરી પર પણ અસર પડી હતી. અંતે, કોન્ટ્રાક્ટર અને આંદોલનકારી ડ્રાઈવરો વચ્ચે સામસામે ચર્ચાઓનો દોર ચાલ્યો હતો અને સમજાવટ બાદ મામલો થાળે પડ્યો હતો.

# ભાગીદારના પુત્રએ વેપારીને માર મારી કાર પડાવી લીધી

**હિસાબ** મુદ્દે પાલના વેપારીને અલથાણની સાઈટ પર બોલાવી, બંધક બનાવી માર મારી જાનથી મારવા ધમકી, ચાર વિરુદ્ધ ગુનો નોંધાયો

સુરત: પાલમાં રહેતા વેપારીને જૂના હિસાબ પેટે સમજાવવા બોલાવી, ઓફિસમાં બંધક બનાવી ઢોર માર માર્યા બાદ તેની મોંઘીદાટ કાર પડાવી લેવાની સનસનાટીભરી ઘટના પ્રકાશમાં આવી છે. પાલની સ્તુતિ રેસીડેન્સીમાં રહેતા પ્રતીક રમેશચંદ્ર ગાંધી (ઉ.વ. 44) ઇશ્વરભાઇ અમૃતલાલ મહેતા સાથે મળી નિશાલ આર્કેડ ખાતે ટ્રેડિંગનો વ્યવસાય કરતા હતા. ગત ઓગસ્ટ માસમાં ઇશ્વરભાઇ હોસ્પિટલમાં દાખલ હતા ત્યારે પ્રતીકભાઇએ વ્યવસાયના અમુક નાણાકીય વ્યવહારો કર્યા હતા. બાદમાં ઇશ્વરભાઇના પુત્ર વિતરાગ મહેતાએ ધંધાનો વહીવટ સંભાળતા તકરાર શરૂ થઈ હતી. ગત 05/09/2025ના રોજ વિતરાગ મહેતાએ પ્રતીકને ફોન કરી અલથાણની નોવા શિખરજી સાઇટ ઓફિસ પર હિસાબ કરવા બોલાવી વિતરાગ મહેતા, દિનેશ મહેતા, ચંદ્રકાંત મહેતા અને મિત્તલ મહેતાએ હિસાબ બાબતે ગાળાગાળી કરી પ્રતીકભાઇને લાફા અને પેટમાં લાતો મારી હતી. ઉપરાંત પ્રતીકભાઇની એસ-ક્રોસ કાર પડાવી લીધી હતી અને ધમકી આપી હતી કે, જો આ બાબતે કોઇને વાત કરીશ તો સમાજમાં બદનામ કરી દઈશું અને મારી નાંખીશું. પ્રતીકભાઈએ અલથાણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધ્યો છે.

# લૂમ્સના ખાતામાં આગથી મશીનરી, યાર્ન સળગી ગયું

**ધુમાડાના** કારણે ફાયરના જવાનોએ બીએ સેટ પહેરીને આગ બુઝાવવાની કામગીરી કરી

સુરત: શહેરના વેડ રોડ ખાતે આવેલા લુમ્સના કારખાનામ ગત રાત્રે આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતાં સમગ્ર વિસ્તામાં અફરાતફરી મચી ગઈ હતી. આગની જ્વાળાઓ દૂર દૂર સુધી દેખાવવા લાગી હતી. ઘટના અંગે જાણ કરવામાં આવતા પાંચ અલગ અલગ ફાયર સ્ટેશનોથી ફાયર બ્રિગેડના જવાનોનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ વેડ રોડ હરિઓમ મિલ પાછળ બીજા માળ ઉપર આવેલા લૂમ્સ ખાતામાં સોમવારે રાત્રે આગ લાગી હતી. ઘટના અંગે જાણ કરવામાં આવતા કતારગામ, મુગલીસરા, કોસાડ, વરિયાવ અને ડભોલી એમ પાચ ફાયર સ્ટેશનથી ફાયર બ્રિગેડના જવાનોનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને આગ પર કાબૂ મેળવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. સબ ફાયર ઓફિસર દિનુ પટેલે જણાવ્યું હતું કે આગ લાગી ત્યારે ખાતું બંધ હતું. બીજા માળે આવેલા આ ખાતામાં ટીએફઓ તથા વોરપિંગ સહિતની તમામ મશીનરી અને પાંચ ટન યાર્નનો જથ્થો સહિત બીજો માળ આખો બળી ગયો હતો. એટલું જ નહીં આગને કારણે દીવાલો પણ ખૂબ ગરમ થઈ ગઈ હતી અને ઉપર જવા માટે રસ્તો પણ નહીં હતો. આ પરિસ્થિતિમાં અમારા જવાનોને બીએ સેટ માસ્ક પહેરાવીને ઉપર સુધી મોકલવામા આવ્યા હતા અને ભારે જહેમત બાદ આગને સંપૂર્ણ રીતે કાબૂમાં કરવામાં આવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### ઉધના ખાતે વિરાટ હિન્દુ સંમેલન મળ્યું



સુરત: સમગ્ર દેશમાં વિરાટ હિન્દુ સંમેલનો યોજાઈ રહ્યા છે. જેના અંતર્ગત ‘સમસ્ત હિન્દુ સમાજ આયોજન સમિતિ, ઉધના’ દ્વારા પણ વિરાટ હિન્દુ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રવિવાર, ૧ માર્ચના રોજ સાંજે ૪:૦૦ કલાકે કળશ યાત્રા કાઢવામાં આવી હતી, જેમાં ૫૦૦થી વધુ બહેનોએ ભાગ લીધો હતો. કળશ યાત્રા અને વિશાળ રેલી તેરાપંથ ભવનથી પ્રારંભ થઈ ઉધનાના વિવિધ માર્ગો પર ફરીને ત્રિશુલ કોમ્પ્લેક્સ, ઉધના ગામ ખાતે વિશાળ ધર્મસભામાં પરિવર્તિત થઈ હતી. ધર્મ સભાને ઓંકારનાથજી મહારાજ, મુક્તિનાથજી મહારાજ (લાખ ધણી આશ્રમ, અમરોલી), નારાયણ સ્વામી મહંત, નિલમ દીદી, કથાવાચક સંદીપ જી, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સંપર્ક પ્રમુખ પ્રકાશજી કપૂરિયા, RSS સહ કાર્યવાહ વિનોદભાઈ પુરોહિત વગેરેએ સંબોધિત કરી હતી. આભારવિધિ સંયોજક હિતેશભાઈ પટેલે કરી હતી.

### એસ.ડી.સી.એ.: સુરત જિલ્લાની મહિલા ટીમની ક્રિકેટ પસંદગી નેટ યોજાશે

સુરત: ગુજરાત ક્રિકેટ એસોસિએશન દ્વારા આંતર જિલ્લા મહિલા સિનિયર અને અંડર ૧૯ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થનાર છે. આ ટુર્નામેન્ટ માટે સુરતની ટીમની પસંદગી નેટ તેમજ હાલમાં ચાલી રહેલી શાળા બોર્ડ પરીક્ષાને ધ્યાનમાં લઈને રવિવાર તારીખ ૮ માર્ચ સવારે ૭:૦૦ વાગ્યે અને બપોરે ૦૩:૦૦ વાગ્યે રાખવામાં આવી છે. રસ ધરાવનાર ખેલાડીઓએ ક્રિકેટ કીટ તેમજ જન્મ તારીખના પુરાવા સાથે લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ પર હાજર થવું અને કોચ પ્રજ્ઞા ચૌધરીનો સંપર્ક કરવો.

### પંચમ્ ગ્રુપ દ્વારા રવિવારે શશી કપૂર-શર્મિલા ટાગોરનાં ફિલ્મી ગીતોની સ્પર્ધા

સુરત: ‘ગા મેરે મન ગા’શ્રેણી અંતર્ગત પંચમ્ ગ્રુપ ઓફ મ્યુઝિક દ્વારા આગામી રવિવાર તા.૮મી માર્ચના બપોરે ૪થી૮ અભિનેતા શશી કપૂર અને અભિનેત્રી શર્મિલા ટાગોરના ફિલ્મી ગીતોની સ્પર્ધાનો જાહેર કાર્યક્રમ સ્વરાન્ગન સ્ટુડિયો, ૧૦૭, રાજહંસ સ્ટેડિયમ પ્લાઝા, નવી એલ પી સવાણી સ્કુલ પાસે, પાલનપુર ખાતે રાખવામાં આવ્યો છે. કાર્યક્રમ માણવા માટે કોઈ પ્રવેશ ફી નથી.

### વિદ્યાકુંજ શાળામાં હોળી-ધુળેટીની ઉજવણી કરવામાં આવી



સુરત: વનિતા વિશ્રામ સંચાલિત શ્રીમતી પાર્વતીબેન દેસાઈ વિદ્યાકુંજ શાળા, પૂર્વ પ્રાથમિક વિભાગ, અંગ્રેજી માધ્યમ શાળામાં હોળી-ધૂળેટીની ઉજવણી કરવામાં આવી હતી. બાળકો દ્વારા ડાન્સ કરવામાંઆવ્યો હતો. એક નાનું નાટક પણ ભજવવામાં આવ્યું હતું. રંગો વિશે સમજણ આપી હતી. કાર્યક્રમમાં ચેરમેનક્રિપ્લાણી, વાઇસ ચેરમેન પ્રવીણ વોરા,સેક્રેટરી મનહરદેસાઈએ શુભેચ્છા મોકલી હતી. આચાર્યા જ્યોતિકા રામનાનીએ આશીર્વચન આપ્યા હતા.

### ખેલ મહાકુંભમાં સુરતના ખેલાડીઓએ મેડલોનો વરસાદ કર્યો



સુરત: જુનાગઢ ખાતે ગત 16 થી 19 ફેબ્રુઆરી દરમિયાન યોજાયેલાં ખેલ મહાકુંભમાં સુરત વેઇટલિફ્ટિંગ ક્લબે શાનદાર પ્રદર્શન કરતાં કુલ 24 મેડલ જીતી ચેમ્પિયન બનવાની સિદ્ધિ હાંસલ કરી છે. અંડર-17 ગર્લ્સ કેટેગરીમાં સપના રામ, ખુશ્બુ રાજબર, સુહાના ખાન, હિરલ પટેલ અને જિયા પટેલે ગોલ્ડ મેડલ જીતી ક્લબનું નામ રોશન કર્યું છે.જ્યારે બોયઝની ટિમમાં જેનિલ વર્ણા, મહિલ લિંબાણી અને ગૌરવ જોષીએ ગોલ્ડ મેડલ મેળવી શ્રેષ્ઠ પ્રદર્શન આપ્યું હતું. બીજી તરફ ઓપન એજ ગર્લ્સ કેટેગરીમાં વિદ્યા શર્મા, સાધના સિંહ, કોમલ દેવરાપેલી અને આશ્વિની છેત્રીએ ગોલ્ડ મેડલ જીત્યા હતાં, જ્યારે પ્રીતિ મિશ્રાએ સિલ્વર અને જયા પાંડે એ બ્રોન્ઝ મેડલ મેળવી નોંધપાત્ર સફળતા મેળવી હતી. બોયઝ ઓપન કેટેગરીમાં સાહિલ, સોમ્યા પાંડા, યશ પટેલ, તરુણ રાઠોડ, વિપિન રાજ અને ધ્રુવ લાંબાએ ગોલ્ડ મેડલ મેળવ્યા. રુદ્ર તિવારી અને નવનીતે સિલ્વર, જ્યારે પ્રિતેશ ચૌધરીએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ખેલાડીઓની આ સફળતા કોચ સારથી ભંડારી અને ન્યુટ્રિશનિસ્ટ તેજસ પાચીગરના માર્ગદર્શન હેઠળ શક્ય બની હતી.

### અઠવા પંચ યુવક મંડળની ‘તિલક હોળી’ ઉજવણી કરવામાં આવી



સુરત: સુરત શહેરના અડાજણ સ્થિત ફરોહાર પાર્ટી પ્લોટ ખાતે ગત રવિવાર, ૧ માર્ચ ૨૦૨૬ના રોજ અઠવા પંચ યુવક મંડળ દ્વારા જ્ઞાતિજનો માટે ‘તિલક હોળી’ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સુરતી મોઢ વણિક સમસ્ત પંચના પ્રમુખ ધર્મેશભાઈ તમાકુવાળા, અઠવા પંચના પ્રમુખ યોગેશભાઈ પપૈયા તથા સુરતી મોઢ વણિક હિતવર્ધક મંડળના પ્રમુખ હસમુખભાઈ લાલવાળા ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત અઠવા પંચ મહિલા મંડળના પ્રમુખ ભારતીબેન દૂધવાળા અને વરિષ્ઠ નાગરિક મંડળના પ્રમુખ અનુરાધાબેન જરીવાલાએ પોતાની ટીમ સાથે હાજરી આપી કાર્યક્રમને ગૌરવ આપ્યું હતું. આ પ્રસંગે જાણીતા ઉદ્યોગપતિ અમિતભાઈ ગજ્જર, દક્ષિણ ગુજરાત વાણિજ્ય અને ઉદ્યોગ મંડળના ખજાનચી મિતીષભાઈ મોદી, પાંડેસરા વિવર્સના પ્રમુખ આશિષભાઈ ગુજરાતી તથા સચિન ઔદ્યોગિક વિસ્તારના પ્રતિનિધિ મયુરભાઈ ગોલવાળાએ વિશેષ હાજરી આપી હતી. યુવક મંડળના પ્રમુખ વિમલભાઈ બેકાવાળા તેમજ તેમની ટીમની અથાગ મહેનતથી કાર્યક્રમ યાદગાર બન્યો હતો.

### આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલમાં ડોનેટ લાઈફને બેસ્ટ શોર્ટ ફિલ્મનો પુરસ્કાર



સુરત: દિલ્હીમાં “વરદાન આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલ” 26-27 ફેબ્રુઆરીએ ગુરુ ગોવિંદ સિંહ ઇન્દ્રપ્રસ્થ યુનિવર્સિટીમાં યોજાયો હતો. આ ફેસ્ટિવલમાં ડોનેટ લાઈફ સંસ્થાએ બહુવિધ કેટેગરીમાં ભાગ લીધો, જેમાં સત્ય ઘટના પર આધારિત સંવેદનશીલ લઘુ ફિલ્મ KAAYA - THE MISSION OF LIFEને બેસ્ટ શોર્ટ ફિલ્મનો પુરસ્કાર મળ્યો હતો. આ ઉપરાંત ગીત અંગદાન કરલે રે માનવ, તું ઈશ્વર બન જાયેગાને ફર્સ્ટ રનર-અપ મ્યુઝિક વિડીયોનું સન્માન મળ્યું હતું.